## હા... સાહેબ !

"કેમ સાહેબ મુડમાં નથી..?!"

"ક્યાં મુડ જેવું રહ્યું છે..?!" "કકળાટ... કકળાટ... ને કકળાટ..!!"

"સાહેબ... એટલું બધુ નાસીપાસ ના થવાય... જીવન અને જગતમાં બધું આમ જ... ચાલે. તોફાનો પણ આવે ને શાંતિ પણ આવે... ગરમીયે આવે ને ઠંડીએ આવે... અકળાઈ ના જવું સાહેબ... અંધારા પછી અજવાળુ જ આવે છે..!"

"પથરા... મોટી મોટી વાતો ના કર... મને સમજાય નહીં... જો તો ખરો... કેવું કેવું થઈ રહ્યું છે... એકને પચાવવા મહેનત કરીએ ને બીજુ આવી પડે છે..! ત્રીજુ... ચોથુ... પાંચમુ... અનંત..!!"

"સાહેબ... તમે ખરેખર બહુ અકળાઈ ગયા છો હો..! સાહેબ આ રાજકારણીઓ અને આ આશ્રમોવાળાની વાતોથી નાસીપાસ ના થાઓ... આ તો બધા આવા જ હોય છે..!"

"શું ધુળ આવા હોય છે..?! તો શું કરવા આપણે હાર પહેરાવવાના... એમના આશ્રમોમાં તો જુઓ લાકડીઓ... બંદુકો... પથરાઓ... જાતજાતના હથિયારો... એમ થાય કે આ તો ગુરૂનો આશ્રમ કહેવાય કે ગુંડાઓનો..!!"

"... અરે સાહેબ તમને ખબર ના હોય તો કહુ... આ ડેરામાં તો બધાજ પક્ષોની સરકાર પગે લાગી આવી છે..!!"

"શું વાત કરો છો ?!"

"હા... સાહેબ સાવ સાચી વાત કરૂ છું... ચૌટાલા હોય કે ખટ્ટર... ડેરામાં પગે લાગવાની પરંપરા તો બધાએ જ જાળવી છે..!!"

"તું યે યાર..!! દીધે રાખે છે..! બધાને એક જ લાકડે હાંકે છે..!"

"સાહેબ ના માનો તો કહી દઉં... અને સીસીટીવીના કુટેજ મંગાવીને જોવા હોય તો જોઈ લેજો... આજ પંદરમી ઓગષ્ટે ખટ્ટરના બે વરિષ્ઠ મંત્રીઓ ડેરામાં જઈ એકાવન લાખની સુવિધા આપી આવ્યા છે કે નહિ..?! અને સાહેબ તમને ખબર ના હોય તો કહી દઉં... ખટ્ટર મંત્રીમંડળે શપથવિધિ કર્યા બાદ આખું મંત્રીમંડળ ડેરામાં પગે લાગવા ગયું તું..!! ખોટુ લાગતું હોય તો પુછી જોજો કોઈ હરીયાણાવાળાને..!!"

"એટલે કહેવું છે શું તારે..?! તારે બધાને ભુંડા જ ચીતરવા છે..?! રાજકીય પક્ષો કે નેતાઓની નૈતિકતા સાવ મરી પરવારી છે એવું તારૂ કહેવું છે..?!"

"હા... હા... હા... એવું જ કહેવું છે..! સાહેબ તોફાનોને ચોવીસ કલાક થયા કોઈ માઈનો લાલ હજુ સુધી બહાર નથી આવ્યો કે કોર્ટના ચુકાદાને આવકારૂ છુ... શેરીમાં કૂતરા ભસે તોય નિવેદન આપનારા નેતાઓ એકત્રીસ-એકત્રીસ માણસોના મોત નીપજ્યા પછી પણ હરફ.... નથી ઉચ્ચારતા..!! કઈ નૈતિકતા ?!"

"જો ભાઈ..! તું જ કહેતો'તો અને આજે ફરી જાય છે..?!" જે ઝડપથી બધાને છેતરી શકે તે જ સારો નેતા..!! જે દંભ-દેખાડો કરી શકે... ચાલાકી ને ચબરાકી કરી શકે તે જ નેતા એમ જ ને..?!"

"હા સાહેબ... હા... ભાષાઓ બદલાઈ છે... પરિભાષા બદલાઈ

● અનુસંધાન પાન-૭ પર



ઋષિ પાંચમનું સ્નાન - ભારતીય સંસ્કૃતિમાં ઋષિ પાંચમે નદી સ્નાનનો મહિમા ગવાયો છે... પાટનગરના પાદરેથી પસાર થતી સાબરમતીના કિનારે ઋષિ પાંચમના પાવન પર્વે સેંકડોની સંખ્યામાં મહિલાઓ સ્નાનનું પુણ્ય મેળવ્યું હતું... શ્રાવણ અને ભાદરવામાં વ્રત અને તપના પર્વોની પરંપરા સમાજ જીવન સાથે વણાયેલી છે...

# જિલ્લામાં સ્વાઈન ફલુના વધુ ૫ કેસ

**૫૫ દર્દીને રોગમુક્ત થતાં હોસ્પિટલમાંથી રજા અપાઈ : તંત્રએ સર્વેલન્સનો બીજો રાઉન્ડ શરૂ કર્યો : આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા, બે પુરૂષ અને એક બાળક દર્દી**

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લામાં સ્વાઈન ફલુ પોઝીટીવના વધુ ૫ કેસ મળી આવતાં આજે રજાના દિવસે પણ તંત્ર દોડતુ રહ્યુ હતુ. આજે મળેલા પાંચ કેસોને પગલે જિલ્લામાં નોંધાયેલ પોઝીટીવ કેસોની સંખ્યા ૯૬ પર પહોંચી છે.

મળતી વિગતો પ્રમાણે અમદાવાદ સિવિલ ખાતે સારવાર હેઠળની એક મહિલા દર્દી જે દહેગામ તાલુકાની વતની છે તેનુ અવસાન થતાં જિલ્લામાં સ્વાઈન ફલુથી મૃત્યુ પામનાર દર્દીની સંખ્યા ૧૪ પર પહોંચી છે.

આજે મળેલા પાંચ કેસમાં બે મહિલા, ૧ બાળક અને બે પુરૂષ દર્દીનો સમાવેશ થાય છે.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકાના રાયપુર ગામેથી ૭ વર્ષીય બાળકને સ્વાઈમ ફલુ પોઝીટીવ આવેલ છે. જયારે વાવોલની એક મહિલા દર્દીને સ્વાઈન ફલુ પોઝીટીવ આવેલ છે.

કલોલ તાલુકાના અલુવા ગામેથી ૧૭ વર્ષીય યુવકને સ્વાઈન ફલુ પોઝીટીવ પરીક્ષણ દરમ્યાન જણાયેલ છે. માણસા તાલુકાના ગોપીનગર વિસ્તારમાંથી પણ સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે. જયારે દહેગામ વિસ્તારમાંથી એક મહિલાને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાયેલ છે.

જિલ્લામાં સ્વાઈન ફલુના વધતા જતા કેસોને પગલે તંત્રએ સર્વેલન્સને સઘન બનાવવાની સાથે સાથે આયુર્વેદિક ઉકાળાઓના વિતરણની વ્યવસ્થાને પણ સઘન બનાવેલ છે.

તંત્ર દ્વારા સર્વેલન્સનો પ્રથમ રાઉન્ડ સંપન્ન થઈ ગયેલ છે અને સોમવારથી બીજો રાઉન્ડ સર્વેલન્સનો હાથ ધરવામાં આવનાર છે.

જિલ્લામાંથી મળી આવેલ દર્દીઓ હાલ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે અને તેમની તબિયત સ્થિર હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો પ્રમાણે

● અનુસંધાન પાન-૭ પર

## કલોલના સઈજના એમ.ઓ.ને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા હોસ્પિટલમાં દાખલ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના સઈજ પ્રા.આ. કેન્દ્રના તબીબી અધિકારી ડૉ. મુકેશભાઈ પટેલને સ્વાઈન ફલુ પોઝીટીવ જણાતાં તેમને સારવાર માટે ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની એક ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. મળતી વિગતો પ્રમાણે છેલ્લા ચારેક દિવસથી તેઓને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે. હાલ તેઓ બાયપેપ પર હોવાનું જાણવા મળેલ છે. બનાસકાંઠા જિલ્લામાં આવેલ જળસંકટ સમયે ત્યાં તેઓ ફરજ બજાવવા ગયા હતા. ડૉ. મુકેશ પટેલની તબિયત પછી જિલ્લાના તબીબી અધિકારીઓએ સ્વાઈન ફલુની રસી તેમને આપવામાં આવે તેવી માંગણી જિલ્લા સત્તાવાળાઓ સમક્ષ કરી છે.

## શહેરના પાલજ ગામમાંથી ૭૫ વર્ષીય વૃદ્ધાને સ્વાઈન ફલુ પોઝીટીવ

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ પાલજ ગામની એક વૃદ્ધાને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે.

આ દર્દી સાથે શહેરમાં કુલ-૨૬ દર્દીઓ નોંધાયા છે. જે પૈકી ૧૭ને રજા આપવામાં આવી છે જયારે ૬ દર્દીઓ હાલ સારવાર હેઠળ છે.

શહેરમાં આ વખતે સ્વાઈન ફલુના કેસો ઓગષ્ટમાં જ સૌથી વધારે સામે આવ્યા છે. આ વખતે પુરૂષ દર્દીઓની સંખ્યા મહિલા દર્દીના પ્રમાણમાં થોડી વધારે જરૂર જોવા મળી છે.

તંત્ર દ્વારા દર્દીના રહેઠાણની આસપાસના વિસ્તારમાં સર્વેલન્સની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે પણ કોઈ શંકાસ્પદ કેસ નહિ મળ્યો હોવાનું જાણવા મળેલ છે.

તંત્ર દ્વારા હાઉસ ટુ હાઉસ સર્વેલન્સનો પ્રથમ તબક્કો લગભગ આજે પૂર્ણ થઈ ગયો છે અને આગામી સોમવારથી બીજો રાઉન્ડ કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

શહેરમાં હાલ ૧૫થી વધુ સ્થાનો પર આયુર્વેદિક ઉકાળાઓનું વિતરણ ચાલી રહ્યું છે. શહેરમાં સ્વાઈન ફલુના કેસો વધે નહિ તે માટે સર્વેલન્સ ઉપરાંત જનજાગૃતિ અભિયાન પણ સઘન બનાવવામાં આવ્યુ છે.

# શહેરમાં શ્રીજી અને શકિતની ભકિતનો અનોખો સમન્વય

**સેકટરોમાં ગણપતિ બાપા મોરીયાના જયઘોષ વચ્ચે માર્ગો પર પદયાત્રી માંઇભક્તોની સેવા : નગર સેવા અને સંસ્કૃતિની સાથે ભકિતરસમાં તરબોળ**

ગાંધીનગર તા ૨૬

ગાંધીનગરમાં હાલ શ્રીજીની આરાધના અને શકિતની ભકિતનો અનોખો સમન્વય જોવા મળી રહયો છે. શ્રાવણમાં ભોળાનાથની ભકિત અર્ચના બાદ હવે દુંદાળા ગણેશજીની કૃપા દ્રષ્ટિ મેળવવા સેકટરોમાં ગણેશ ભક્તિનો ફીવર છવાયો છે. એકબાજુ નગરના માર્ગો પર અંબાજી પગપાળા જતા પદયાત્રીઓના લીધે જય અંબે ના જયઘોષથી નગરના માર્ગો ગુંજી ઉઠ્યા છે. જયારે બીજીતરફ ગણપતિ બાપા મોરીયાની જય બોલવતા ભાવિકો શ્રીજીની ભકિતમાં તલ્લીન બન્યા છે. શહેરમાં વિવિધ ઠેકાણે પદયાત્રીઓની સેવા કાજે સેવા કેન્દ્રો કાર્યરત છે. જયારે સેકટરોમાં રાત્રિના સમયે ગણેશોત્સવની ઉજવણીના રંગારંગ કાર્યક્રમો આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે. આધ્યાત્મિક ચેતના જાગૃત થવાની સાથે સાંસ્કૃતિક વૃતિ પ્રવૃતિ પણ નિખરી છે.

ગાંધીનગર હાલ ગણેશમય બન્યુ છે. શહેરમાં ગણેશભકિતનો રંગ જામ્યો છે. ગણેશોત્સવની ઉજવણી અંતર્ગત સેકટરોમાં ઠેર ઠેર સાંસ્કૃતિક અને ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવ્યુ છે. ભાદરવી પુનમ પણ નજીકમાં હોવાથી શહેરના માર્ગો પર અંબાજી પગપાળા જતા ભાવિકોની સંખ્યા પણ ધીમે ધીમે વધી રહી છે. ત્યારે અબાજી પદયાત્રીઓની સેવા માટે ઠેર ઠેર સેવા કેન્દ્રો પણ કાર્યરત થઈ ગયા છે. માર્ગો પર જયઅંબેના જયઘોષ સાથે ભાવિકો હાથમાં ધ્વજા લઈ શ્રધ્ધાના ભાથા સાથે પગપાળા જતા નજરે પડે છે. પદયાત્રીઓની સેવા માટે દિવસ રાત સેવા કેન્દ્રો પણ ધમધમી રહયા છે. જો કે આ વર્ષે હજુ પદયાત્રીઓની સંખ્યા ઓછી હોવાનુ ધ્યાને આવ્યુ છે.

બીજીતરફ ગણેશોત્સવ દરમિયાન સેકટરોમાં પણ પારિવારિક માહોલમાં વિશેષ ઉજવણી કરવામાં આવી રહી છે. શહેરમાં વિવિધ પાંચ ઠેકાણે અલ્ટ્રા મોર્ડન ગણેશોત્સવની ઉજવણી કરવામાં આવી રહી છે. જયારે સવારે તેમજ સાંજના સમયે શ્રીજીની આરતી અને સુંદરાકાંડના પાઠ આનંદરનો ગરબો તેમજ લોક ડાયરા ઉપરાંત અન્ય સાંસ્કૃતિક કાર્યક્રમો પણ નગરજનો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યા છે.કલા અને સંસ્કૃતિના સમન્વય વચ્ચે અનોખી આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ છે. માત્ર ગણેશભક્તિ જ નહીં પરંતુ નગરના કલાકારોને સ્ટેજ પુરુ પાડવા સહીત નગરના સામાજિક જનજીવનને તંદુરસ્ત બનાવવા પણ ગણેશોત્સવની અનોખી ઉજવણી હાલ નગરજનોના કેન્દ્ર સ્થાને છે.


**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી સીતારામ ચુનીલાલ પંચોલી તા.૨૫-૦૮-૨૦૧૭ શુક્રવારના રોજ દેવલોક પામ્યા છે. સદ્‌ગતનું બેસણું તા. ૨૮-૦૮-૨૦૧૭ને સોમવારના રોજ સવારે ૯.૦૦ થી ૧૨.૦૦ કલાકે નીચેના સ્થળે રાખેલ છે.


સ્થળ : લગ્નવાડી, સેક્ટર-૨૩, ગાંધીનગર મો. ૮૯૦૫૩૬૨૯૩૧

લિ.
રાજેશ સીતારામ પંચોલી (મેનેજીંગ ડિરેક્ટર : ગાંધી.દૂધ.વા.ની મંડળી)
જય રાજેશ પંચોલી
જીતેન્દ્રકુમાર કનૈયાલાલ રાવલ (જમાઈ)
ભરતકુમાર નારાયણભાઈ ત્રિવેદી (જમાઈ)
તથા સમસ્ત પંચોલી પરિવાર (મુલસણ)

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
લિ. પ્રેમશંકર સોમનાથ જાની તથા જાની પરિવાર (અંબોડ)

**આઈમેક્સ અનુભવ - કલ્પનાનો સાક્ષાત્કાર**

આઈમેક્સના વિશાળ પડદા ઉપર ડાયનાસોરને જીવંત અનુભવો




GUJARAT SCIENCE CITY IMAX 3D THEATRE
ગુજરાત સાયન્સ સીટી
સાયન્સ સીટી રોડ, અમદાવાદ
પૂછપરછ માટે સંપર્ક : 079-65222127/128
www.scity.gujarat.gov.in

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, છઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

શ્રી સુન્ધા ગોલ્ડ જવેલર્સ
SUNDHA શુદ્ધતા અને વિશ્વાસનું પ્રતિક
॥ મંગલ પ્રારંભ ॥
તા. ૨૭-૦૮-૨૦૧૭, રવિવાર





સોના-ચાંદીના હોલમાર્ક દાગીના ખરીદવાનું વિશ્વાસપાત્ર સ્થળ
શ્રી સુન્ધા ગોલ્ડ જવેલર્સ
BIS 91.6 ગોલ્ડ & સિલ્વર જવેલરી શો રૂમ
ના શુભ મંગળ પ્રારંભ પ્રસંગે સોના દાગીના ૧૦ ગ્રામથી વધારેની ખરીદી ઉપર લેબર ચાર્જ માત્ર ૧૫૧/- રૂપિયા પ્રતિ ગ્રામ.
સોના-ચાંદીના હોલમાર્ક જવેલરીનું વિશાળ કલેક્શન
શ્રી સુન્ધા ગોલ્ડ જવેલર્સ
નગરપાલિકાની સામે, બગીચા રોડ, ડીસા ફોન : ૨૩૨૦૦૦
મો.૯૮૨૫૨૪૮૯૦૩ મો.૯૮૯૮૫૮૬૧૯૭ મો.૯૯૧૩૭૧૧૮૧૧
Email : shreesundhagold@gmail.com
BIS 91.6 Hallmark Jewellery Show room

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com